# શ્રી રામકબીર માધ્યમિક શાળા, કામરેજ એક વ્યક્તિઅભ્યાસ

ધ્રુમિત પી. દેસાઈ
સંશોધક,
ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત

માર્ગદર્શક,
ડૉ. કિન્નરીબેન પટેલ,
આચાર્યા, ભગવાન મહાવીર કોલેજ ઓફ
એજ્યુકેશન(એમ.એડ)
ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત

**સારાંશ**

આ સંસોધનમાં શ્રી રામકબીર માધ્યમિક શાળા, કામરેજનો એક વ્યક્તિ અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને શાળામાં શિક્ષણ કેવું છે? શાળાના ધ્યેયો શું છે?, શાળાનું સંચાલન કેવું છે? અને આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને કયા કયા લાભો થાય છે? તે અંગે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સંસોધનના અભ્યાસ માટે આ શાળાની મુલાકાત લીધી તેનું અવલોકન કર્યું. શાળાના બાળકોને મળ્યા તે પરથી જાણવા મળે છે કે આ શાળાનું સંચાલનથી લઈને શાળાના શિક્ષકો,પટાવાળા,સફાઈ કામદારો બધાનું વર્તન સારું જોવા મળ્યું છે અને આ શાળામાં ઘણા ઉત્તમ શિક્ષકો જોવા મળ્યા છે તેના કારણે શાળાનું પરિણામ પણ ઘણું સારું જોવા મળ્યું છે.

## ૧. પ્રસ્તાવના

પ્રાચીન સમયમાં શિક્ષણ માટે ઋષિમુનિઓએ ગુરૂકુળો, મઠો વગેરેની સ્થાપન કરી હતી. કારણકે તેઓ આર્ષદ્રષ્ટા હતા. તેઓ જાણતા હતા કે વ્યક્તિના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણ એ અનિવાર્ય પાસું બની રહે છે. જેનાથી વ્યક્તિને આદર્શ જીવન જીવવાની પ્રેરણા મળી રહેશે.વ્યક્તિનો સર્વાંગી વિકાસ માટે શિક્ષણ યોગ્ય સ્વરૂપે, યોગ્ય માધ્યમ, યોગ્ય પદ્ધતિવડે આપવું અત્યંત આવશ્યક છે. જેના વડે વ્યક્તિમાં શિસ્ત, નૈતિકતા, ઉદ્યમ જેવા વિશિષ્ટ અને આદર્શ જીવન માટેના મૂલ્યો શીખવી શકાય અથવા કેળવી શકાય છે.જેમ–જેમ સમય પસાર થતો ગયો તેમ–તેમ શિક્ષણની અગત્યતાને કારણે ઘણાં આમૂલ પરિવર્તનો આવતા ગયા અને શિક્ષણ આપવા માટેની માળખાકીય સુવિધાઓ અસ્તિત્વમાં આવી છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને કામરેજ સ્થિત શ્રી રામકબીર માધ્યમિક શાળાની સ્થાપના થઈ હતી. જે એક આદર્શ શાળા મેં મારા સંશોધન કાર્ય માટે પસંદ કરેલ છે.

## ૨. સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાને આ રીતે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

**શ્રી રામકબીર માધ્યમિક શાળા, કામરેજ -એક વ્યક્તિઅભ્યાસ**

## ૩. અભ્યાસના હેતુઓ

કોઈપણ કાર્ય પાછળ ચોક્કસ હેતુ હોય છે. કાર્ય અંગેના હેતુઓ જો સ્પષ્ટ હોય તો પ્રયોજક માટે તે દિશાસૂચક બની રહે છે. પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ હતા.

૧.શ્રી રામકબીર માધ્યમિક શાળાના ઐતિહાસિક પાસાનો અભ્યાસ કરવો.
૨. શ્રી રામકબીર માધ્યમિક શાળાના શૈક્ષણિક પાસાનો અભ્યાસ કરવો.
૩. શ્રી રામકબીર માધ્યમિક શાળાના આર્થિક પાસાનોઅભ્યાસ કરવો.

૪. શ્રી રામકબીર માધ્યમિક શાળાના વહીવટી પાસાનોઅભ્યાસ કરવો.
૫. શ્રી રામકબીર માધ્યમિક શાળાના ભૌતિક પાસાનો અભ્યાસ કરવો.
૬. શ્રી રામકબીર માધ્યમિક શાળામાં થતી સહ–અભ્યાસ પ્રવૃત્તિઓનોઅભ્યાસ કરવો.

## ૪. વ્યાપવિશ્વ અને નમૂનો

સામાન્ય રીતે પ્રયોજકે પોતાનાં સંશોધન માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરે છે.તે પાત્રોનો મૂળભૂત સમૂહ એટલે વ્યાપવિશ્વ. ઉચાટ (૨૦૦૪) વ્યાપવિશ્વનો અર્થઆપતા જણાવે છે કે, **''માહિતીમેળવવાના હેતુથી જેમાંથી પ્રતિનિધિરૂપ નાનો ભાગપસંદ કરવામાં આવે છે. તેમજ જેના વિશે તારણો તારવવામાં આવે છે તે સમગ્ર જૂથનેવ્યાપવિશ્વ કહે છે.''**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શ્રી રામકબીર માધ્યમિક શાળાને જ વ્યાપવિશ્વ તરીકે પસંદ કરેલું હતું. જેમાં શ્રી રામકબીર માધ્યમિક શાળાનું ઐતિહાસિક પાસું, શૈક્ષણિક પાસું, આર્થિક પાસું, વહિવટી પાસું, ભૌતિક પાસું, તેમજ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે વિવિધ નમૂના પદ્ધતિઓ પૈકી સહેતુક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૫. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પેટા પ્રકાર તરીકે ''વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિ'' પસંદ કરવામાં આવી હતી. વ્યક્તિ અભ્યાસમાં પસંદિત એકમ પર ભૂતકાળના અનુભવો, પ્રવર્તમાન સ્થિતિ તેમજ પર્યાવરણ કઈ કઈ અસર કરે છે તે તપાસાય છે.મોલિયા(૨૦૦૩)ના જણાવ્યા મુજબ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનાં સોપાનો નીચે મુજબ દર્શાવી શકાય.
૧. પ્રવર્તમાન સ્થિતિની ઓળખ
૨. માહિતીનું એકત્રીકરણ, તપાસ ઈતિહાસ
૩. કારણભૂત પરિબળોનું નિદાન
૪. અનુકૂલન કાર્યક્રમ તથા સારવાર
૫. અનુકાર્ય
૬. અહેવાલ લેખન

## ૬. ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી રામકબીર માધ્યમિક શાળાના વિવિધ પાસાંઓ અને તેના વિશેની સમગ્ર માહિતી મેળવવા માટે પ્રયોજકે નીચે મુજબના ઉપકરણનો ઉપયોગ કર્યોહતો. (૧) મુલાકાત પત્રક (૨) અવલોકન પત્રક અને (૩) દસ્તાવેજ.

### ૧. મુલાકાત પત્રક

સામાન્ય રીતે કોઈપણ સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે કોઈને કોઈ ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રયોજકે પ્રસ્તુત સંશોધન માટેમાહિતી એકત્ર કરવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાના વિવિધ ઘટકો નક્કી કર્યા હતાં અને તેના ઘટકોને આધારે મુલાકાતના પ્રશ્નો તૈયાર કર્યાહતાં.

### ૨. અવલોકન પત્રક

પ્રયોજકે સંસ્થાનાં વિવિધ પાસાંઓના અનુસંધાનમાં અવલોકન કરી માહિતી એકત્ર કરવા અવલોકનપત્રકની રચના કરી હતી.

### ૩. દસ્તાવેજ

શાળાના ઐતિહાસિક પાસાના અભ્યાસ માટે શાળાના દસ્તાવેજોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

### ૭. પૃથક્કરણ અને અર્થઘટન

શ્રી રામકબીર માધ્યમિક શાળાનો પરિચય શાબ્દિક રીતે આપવો ખૂબ જ કઠિન છે. કેમકે આ શાળાએ તેમની સ્થાપનાથી અત્યાર સુધી જે વિકાસની હરણફાળ ભરી છે તેને શબ્દબદ્ધ કરવું કઠિન કાર્ય છે. આમ છતાં આ શાળાનો પરિચય નીચે મુજબ આપી શકાય.શાળાની સ્થાપના ૧૯૯૩ માં માધ્યમિક શાળા સ્વરૂપે કરવામાં આવી હતી. અને તેનો મુખ્ય ઉદેશ્ય એ છે કે, ઓછી ફીથી ઉચ્ચકોટીનુ શિક્ષણ આપી શકાય. બાળકોને સારૂ શિક્ષણ મળી રહે તેમજ સર્વાંગી વિકાસ થાય તે માટેનો તેનો પ્રયાસ હતો.૧૯૯૩ માં સ્થાપક શ્રી તુલસીભાઈ ભક્તના અને શ્રી ગોપાળભાઈ ભક્તએ આવી શૈક્ષણિક શાળાની સ્થાપનાનો ઉમદા વિચાર કર્યો. શ્રી ગોપાળભાઈ ભક્ત અને શ્રી તુલસીભાઈ ભક્ત સાહેબના સ્વપ્રયત્નો અને આપ બળે આ શાળાનું નિર્માણ કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. શાળાની શરૂઆતમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.આ શાળા શ્રી રામકબીર માધ્યમિક શાળા ટ્રસ્ટ નીચે પોતાની માલિકીનું બિલ્ડીગ નૈસર્ગિક વાતાવરણમાં ચાલી રહયું છે. આમ, ઘણીબધી સામાજિક, આર્થિક સમસ્યાઓ હોવા છતાં પણ શ્રી રામકબીર માધ્યમિક શાળા એક છોડના સ્વરૂપે સ્થપાયેલી જે શાળા આજે વિશાળ વટવૃક્ષ બની ઉભી છે.

**શ્રી રામકબીર માધ્યમિક શાળાનો વિકાસ (તારીખોમાં)**

**૧૯૯૩ :**

શ્રી રામકબીર માધ્યમિક શાળાની શરૂઆત.
ઉદ્ઘાટન :શ્રીગોપાળભાઈ ભક્ત અને શ્રી તુલસીભાઈ ભક્તના હસ્તે.
એક દિવસીય રમતોત્સવ અને સાંસ્કૃતિ કાર્યક્રમ.

**૧૯૯૪ :**

ધોરણ ૮ અને ધોરણ ૯ના બે વર્ગ થયા.
પ્રવાસ : સોમનાથ અને પ્રભાસપાટણ.

**૧૯૯૫ :**

એક શિક્ષકની ભરતી.
શાળા સ્થાપના દિનની ઉજવણી.

**૧૯૯૬ :**

ધોરણ ૮ થી ૧૦ ના ત્રણ વર્ગો થયા.
એસ.એસ.સી.ના બેચના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી.

**૧૯૯૭ :**

ધોરણ ૮ના બીજા વર્ગની મંજુરી મળતા ૪ વર્ગો થયા.
પ્રવાસ : માઉન્ટઆબુ(રાજસ્થાન).
મેદાની કાર્યક્રમો અને રમતોત્સવ.

**૧૯૯૮ થી ૧૯૯૯ :**

ધોરણ–૮, ૯ અને ૧૦ દરેકના બે વર્ગો થતા કુલ ૬ વર્ગો થયા.
બે સાયન્સ શિક્ષકો તથા એક અંગ્રેજી શિક્ષક અને બે પ્યુન તથા હેડ ક્લાર્ક
પ્રવાસ : કચ્છ.
વાર્ષિકોત્સવની ઉજવણી

વિવિધ સ્પર્ધાઓનું આયોજન

**૨૦૦૦:**

શાળામાં પ્રથમ વખત વિજ્ઞાન મેળાનું આયોજન.

વિવિધ કાર્યક્રમોની ઉજવણી.

**૨૦૦૧:**

કુલ શૈક્ષણિક સ્ટાફની સંખ્યા ૮ તથા બિન શૈક્ષણિક સ્ટાફ ૩.

**૨૦૦૨ :**

૬ વર્ગો અને પૂર્ણ સ્ટાફ.

પ્રવાસ : મહારાષ્ટ્ર

**૨૦૦૩ :**

કોમ્પ્યુટર લેબની સ્થાપના.

શાળા સ્થાપના દિવસની ઉજવણી.

માનનીય વજુભાઈ વાળા મુખ્ય મહેમાન તરીકે.

**૨૦૦૪:**

પ્રવાસ : જામનગર

શિબિર(ગીર)

**૨૦૦૫ :**

વિજ્ઞાન મેળાનું આયોજન.

૨૬ મી જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય જાગૃતિ' રેલી

સાંસ્કૃતિ કાર્યોક્રમો : નવરાત્રી ઉત્સવ, નંદોત્સવ, રમતોત્સવ વગેરેનુંઆયોજન.

**૨૦૦૬ :**

વાર્ષિક કાર્યક્રમ અનેરમતોત્સવ.

પ્રવાસ : સરદાર સરોવર

**૨૦૦૭ થી ૨૦૧૨:**

૨૦૦૮–પ્રવાસ : તાપી જિલ્લો

૨૦૦૯–પ્રવાસ : મહારાષ્ટ્ર

વાર્ષિકોત્સવ

**૨૦૧૩ થી ૨૦૧૫ :**

આધુનિક  કોમ્પ્યુટર લેબ.

વાર્ષિકોત્સવની ઉજવણી.

નવરાત્રિ હરિફાઈ

મહેંદી સ્પર્ધા, હેર સ્ટાઈલ સ્પર્ધા અને સાડી સ્પર્ધા વગેરેનું આયોજન

### ૮. શ્રી રામકબીર માધ્યમિક શાળાના ધ્યેયો

આ શાળાની સ્થાપનાના ધ્યેયો નીચે મુજબ હતા.

૧. શાળાનો મુખ્યધ્યેય શૈક્ષણિક રીતે પછાત સમાજને ઉચ્ચ સ્થાન પરલાવવાનો હતો.

૨. સમાજ ઉપયોગી કાર્યો તેમજ શૈક્ષણિક કાર્યો તેના ધ્યેયો હતાં.

૩. સામાજિક તથા આર્થિક પછાત લોકોને શિક્ષણ આપવાનો હતો.

૪. શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને તે સ્વાવલંબી જીવનજીવી શકે તે હતો.

૫. શિક્ષણ દ્વારા સમાજના લોકોનું સામાજિક શૈક્ષણિક તેમજ આર્થિક સ્તર ઊંચું લાવવાનો ધ્યેય હતો.
૬. વિદ્યાર્થીઓ શિક્ષણ દ્વારા જીવન ઘડતરના કાર્યો શીખી ભવિષ્યમાં તે સ્વાવલંબી બની શકે.

## ૯. અવલોકન દ્વારા પ્રાપ્ત તારણો

શ્રી રામકબીર માધ્યમિક શાળામાં વર્ગખંડો પૂરતા પ્રમાણમાં છે. વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા સુંદર છે. પીવાના પાણી માટે વોટર કુલરની સુવિધા છે. શાળામાં કમ્પ્યૂટરલેબ તથા લાઈબ્રેરીની ઉત્તમ સુવિધા છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ શાંતિથી પોતાનો અભ્યાસકરતા હતા. શાળામાં પૂરતા રમત–ગમતના સાધનો તથા વિશાળ રમતનું મેદાન છે. શાળામાં આચાર્ય, શિક્ષકો,બિનશૈક્ષણિક સ્ટાફ માટે અલગ રૂમોની વ્યવસ્થા છે. વિદ્યાર્થીઓને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સહિત કરવામાં આવતા હતા તથા શિક્ષકો પૂરતી સહભાગીતા દાખવતા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે સારૂ સાયુજ્ય જોવા મળ્યું હતું. શાળાનાશૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનું વર્તન સહકારભર્યુ જોવા મળ્યું હતું.

## ૧૦. ભાવિ સંશોધન અંગેની ભલામણો

કોઈપણ સંશોધન પાછળ પૂર્ણ વિરામ મૂકી શકાય નહીં. પ્રસ્તુત સંશોધનનાજ્ઞાનનો વ્યાપ વિસ્તાર પામે તેવું સંશોધક ઈચ્છે છે માટે અહીં ભવિષ્યમાં સંશોધન હાથધરી શકાય તે અંગેની દિશા સ્પષ્ટ કરવામાં આવી છે.
૧. વિશિષ્ટ ધ્યેયો ધરાવતી અન્ય શાળાઓનો શાળાકીય વ્યક્તિઅભ્યાસ હાથ ધરીશકાય.
૨. શૈક્ષણિક સંકુલનો અભ્યાસ હાથ ધરી શકાય.
૩. સમાજોત્કર્ષ માટે કાર્ય કરતી સામાજિક શાળાઓનો વ્યક્તિઅભ્યાસ હાથ ધરીશકાય.
૪. શારીરિક–માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની શાળાનો અભ્યાસ હાથ ધરી શકાય.
૫. આ શાળા જેવી બે જુદી–જુદી શાળાઓનો તુલનાત્મકઅભ્યાસ હાથ ધરી શકાય.

## ૧૧. સમાપન

શ્રી રામકબીર માધ્યમિક શાળાનો અભ્યાસ કરવાના આશયથી સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યુ હતું. પ્રસ્તુત અભ્યાસમાં શ્રી રામકબીર માધ્યમિક શાળા અંગેનો ઊંડાણપૂર્વક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ માટે સંસ્થાકિય ઈતિહાસ, શૈક્ષણિક વ્યવસ્થા, આર્થિકવ્યવસ્થા, વહીવટી વ્યવસ્થા, ભૌતિકવ્યવસ્થા તેમજ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓ વિશેની માહિતી મુલાકાત, અવલોકન, દસ્તાવેજો દ્વારા એકત્ર કરવામાં આવી હતી. અંતે સંશોધક એવું અનુભવે છે કે સાચા અર્થમાં કોઈપણ સંશોધનનો અંત હોઈ શકે નહિ. આ એક અનંત વિસ્તાર ધરાવતું ક્ષેત્ર છે. તેમાં પ્રસ્તુત સંશોધન એક નાનકડું પગલું છે. પ્રસ્તુત ક્ષેત્રમાં રસ ધરાવનાર ભાવિ સંશોધકો માટે આ એક આધારશીલા બની રહેશે. એવો સંશોધકને વિશ્વાસ છે.

## સંદર્ભ સૂચિ

૧. ઉચાટ, ડી. એ. (૨૦૧૨). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીયઆવૃત્તિ). રાજકોટ : પારસ પ્રકાશન.
૨. ઉચાટ, ડી. એ. (૨૦૦૬). ગુણાત્મક સંશોધન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૩. ઉચાટ, ડી. એ. અને અન્યો (૧૯૮૮). સંશોધનનું સંદોહન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૪. ઉચાટ, ડી. એ. અને અન્યો(૨૦૦૬). શૈક્ષણિક સંશોધનોના સારાંશ. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૫. મોલિયા, એમ. એસ. (૨૦૦૩). વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ. અર્થ ગ્રાફિક્સ, રાજકોટ.
૬. દેસાઈ, કે. જી. અને અન્યો (૧૯૪૮). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૭. દેસાઈ, એચ. જી. (૧૯૯૭). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૮. શાહ, ડી. બી. અને અન્યો(૨૦૧૨). શૈક્ષણિક સંશોધન સાર સંગ્રહ. પ્રમુખ પ્રકાશન, અમદાવાદ.